# ભાટકોટા-જીવણપુર રોડ ગાંડા બાવળથી ગોઝારો બન્યો

## જીવલેણ અકસ્માત છતાં નડતરરૂપ બાવળ દૂર કરવામાં ઠાગાઠૈયા

સરડોઈ, તા.૨૪

મોડાસા તાલુકાના ભાટકોટા-જીવણપુર રોડની બંન્ને સાઈડો ગાંડા બાવળથી ઘેરાયા પછી ટૂંકો રોડ અકસ્માતોથી ગોઝારો બનવા લાગ્યો છે. તાજેતરમાં માર્ગ અકસ્માતમાં સરડોઈના આશાસ્પદ રાજપૂત યુવાનનું મોત નિપજ્યું હોવા છતાં તંત્ર દ્વારા નડતરરૂપ બાવળો દૂર કરવામાં તંત્રના ઠાગાઠૈયાના કારણે જીવલેણ અકસ્માતનું જોખમ વધ્યું છે. ચોમાસા પૂર્વે રોડની આસપાસથી ઝાળી ઝાંખરાં દૂર કરવામાં આવ્યાં નથી અને હવે બાવળનું સામ્રાજ્ય ફેલાતાં સામેથી આવતું વાહન પણ સ્પષ્ટ રીતે જોઈ ન શકાતાં અકસ્માત શરૂ થયા છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા દર વર્ષે ચોમાસા પૂર્વે ગામડાંના ડામર રોડ આસપાસથી ઝાળીઝાંખરાં દૂર કરવામાં



આવતાં હોયા છે પરંતુ રોડ સાઈડે કામ માટે મૂકવામાં આવતાં કાયમી શ્રમજીવીઓ રોડ ઉપર દેખાડારૂપ કામગીરી કરી રવાના થતા હોય છે જેથી ચોમાસા દરમ્યાન માર્ગો સાંકળા નાળીયા જેવા બનતા હોય છે. મોડાસા તાલુકાના ભાટકોટા થી જીવણપુરને જોડતો રોડ છેલ્લા ઘણા સમયથી ઝાળીઝાંખરાંથી ઘેરાઈ જતાં વાહન વ્યવહાર માટે જોખમી બની ગયો છે. ટૂંકા માર્ગ ઉપર જીવલેણ અકસ્માત સર્જાતા હોવા છતાં જવાબદાર તંત્ર દ્વારા રોડની બંન્ને સાઈડોમાંથી નડતરરૂપ બાવળ દૂર કરવામાં હજુ આવ્યા નથી જેના કારણે નાના-મોટા અકસ્માત કાયમી બની ગયા છે. તેમાંય માર્ગ અકસ્માતમાં સરડોઈના રાજપૂત યુવાનનું દુઃખ મોત નિપજ્યા પછી જવાબદાર તંત્ર કુંભકર્ણની નિંદ્રામાંથી જાગ્યું ન હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વરસાદ પછી ગાંડા બાવળોનું સામ્રાજ્ય સતત વધતું જાય છે જેના કારણે વાહનોની અવર જવરથી વ્યસ્ત રહેતા માર્ગ ઉપર ગમે તે ઘડીએ વધુ જીવલેણ અકસ્માતની આશંકા સ્થાનિકોએ વ્યક્ત કરી છે.

# વટ સાવિત્રી વ્રત : બાયડમાં ભમરા ઉડતાં મહિલાઓમાં નાસભાગ, ૨ ને ડંખ માર્યા

## વ્રત દરમ્યાન આરતીનો ધુમાડો થતાં ભમરા વિફર્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

જેઠ સુદ પુનમ ગુરૂવારે વટ સાવિત્રીનું વ્રત હતું ત્યારે બાયડ નગરપાલિકા નજીક વડના ઝાડ પાસે વ્રતધારી મહિલાઓ પૂંજા કરી રહી હતી તે દરમ્યાન અગરબત્તી અને કપૂરના ધુમાડાના કારણે



ભમરા ઉડતાં મહિલાઓમાં નાસભાગ મચી. બે મહિલાઓને ભમરાએ ડંખ મારતાં ખાનગી દવાખાનામાં સારવાર લીધાનું જાણવા મળ્યું છે. બાયડ હાઈસ્કુલ વિસ્તાર લાંબા સમયથી ભમરાઓથી પ્રભાવિત વિસ્તાર છે પરંતુ ભમરાઓના ઝૂંડ દૂર ન કરાતાં ફરી એકવાર ભમરાના ઉડાઉડની ઘટનાથી નાસભાગનો બનાવ નોંધાયો છે.

જિલ્લામાં ભમરાના આતંકથી ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો પરેશાન બની ગયા છે. ઝેરી ભમરાઓના આતંકના કારણે પાછલા ૫ વર્ષમાં ડંખ મારવાના કારણે ૩ ખેડૂતોના મોત નિપજ્યા છે. ૭ વર્ષ અગાઉ બાયડના પરીક્ષા કેન્દ્રમાં પેપર પુરૂ થયા પછી ભમરા ઉડતાં વિદ્યાર્થીઓમાં નાસભાગ મચી ગઈ હતી. કેટલાક વિદ્યાર્થી ઘાયલ થયા હતા તેમ છતાં શૈક્ષણિક સંકુલ અને આસપાસના ઝાડ ઉપરના ભમરાના ઝૂંડ દૂર કરવામાં વન વિભાગ દાયકા પછી પણ નિષ્ફળ રહ્યું છે. તા.૨૪ ના રોજ વટ સાવિત્રીનું વ્રત હોવાથી અનેક મહિલાઓ પોતાના ગૃહસ્થ જીવન અને પરિવારની ખુશી અને પતિના લાંબા આયુષ્ય માટે વ્રત રાખ્યું હતું. એક પછી એક વ્રતધારી મહિલાઓ પૂંજા અર્ચન કરતી હતી અને તે સમય દરમ્યાન થયેલા ધુમાડાના કારણે વડના ઝાડ ઉપરના ભમરા વિફર્યા અને એક પછી એક મહિલાઓને ડંખ દેવા લાગતાં નાસભાગ મચી ગઈ કેટલીક મહિલાઓ બાયડ પાલિકાના કેમ્પસમાં આશ્રય લેતાં ભમરાના ડંખથી બચી હતી. ઘટનાને નજીકથી જોનારા લોકોના જણાવ્યા અનુસાર ડંખના કારણે બે મહિલાઓ ઈજાગ્રસ્ત થઈ છે.

# હદ વટાવી : આંબલિયારામાં સાંજે ઝઘડો, મોડી રાત્રે સળગાવી મારવાનો પ્રયાસ

## યુવાનને ગંભીર હાલતમાં સારવાર માટે અમદાવાદ સિવિલ ખસેડાયો, હત્યાના પ્રયાસનો ગુનો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ તાલુકાના આંબલિયારામાં સાથે નોકરી કરતા બે મિત્રો વચ્ચે ગાળો બોલવા મુદ્દે ઝઘડો થયો અને મોંડી રાત્રે ધાબા ઉપર સૂઈ રહેલા સુનિલ બાબુભાઈ સોલંકી ઉપર કેરોસીન છાંટી સળગાવી નાખવાનો પ્રયાસ થતાં યુવાનને દાઝેલી હાલતમાં સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યો છે. સામાન્ય બોલાચાલી પછી સળગાવી હત્યાનો પ્રયાસ થતાં ચકચાર મચી છે. પોલીસે આરોપી ચંદ્રકાન્ત રમેશભાઈ સોલંકીમાં ગણતરીના કલાકોમાં દબોચી કાર્યવાહી હાથ ધરી છે.

**ઝઘડાની અદાવતમાં હત્યાનો પ્રયાસ : પી.એસ.આઈ.**

બાયડ તાલુકાના આંબલિયારામાં ઘર આગળ અપશબ્દો બોલવાની ના પાડવામાં થયેલ ઝઘડાની અદાવત રાખી ચંદ્રકાન્ત રમેશભાઈ સોલંકીએ નિંદ્રાધીન સુનિલ બાબુભાઈ સોલંકી ઉપર કેરોસીન છાંટી હત્યા કરવાનો પ્રયાસ કરતાં સનસનાટી મચી છે. આંબલિયારા પી.એસ.આઈ., આર.એમ.ડામોરે જણાવ્યું હતું કે બંન્ને વચ્ચે સામાન્ય બોલાચાલી પછી ઝઘડો થયો હતો અને તે ઝઘડાની અદાવતમાં જાનથી મારી નાખવાનો પ્રયાસ થયો છે.

જિલ્લામાં હવે સામાન્ય ઝઘડામાં પણ હત્યાના પ્રયાસ થઈ રહ્યા છે. એક રીતે સહનશક્તિ ન હોય તેવી સ્થિતિ સામે આવી છે. તાલુકાના આંબલિયારાના સુનિલ સોલંકી અને ચંદ્રકાન્ત સોલંકી વર્ષો અગાઉ ખાનગી કંપનીમાં સાથે નોકરી કરતા હતા. ગત રોજ ચંદ્રકાન્ત સોલંકી દ્વારા સુનિલ સોલંકીના ઘર આગળ આવીને ગંદી



ગાળો બોલતો હતો જેથી ગાળો ન બોલવા જણાવતાં બંન્ને વચ્ચે માથાકૂટ થઈ હતી અને આવેશમાં આવી હું તને મારી નાખીશ તેવી ધમકી આપી હતી ત્યારબાદ મામલો સમી ગયો અને રાત્રે સુનિલ સોલંકી મકાનના ધાબા ઉપર સૂતો હતો ત્યારે તેના ઉપર કેરોસીન છાંટી સળગાવી નાખવાનો પ્રયાસ થતાં આ ઘટનાએ સમગ્ર આંબલિયારાને હચમચાવી દીધું છે. બનાવ અંગે સુનિલ સોલંકીની ફરિયાદના આધારે આંબલિયારા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# શક્તિપીઠ અંબાજીમાં ચાલતા સદાવ્રત માટે ભક્તો દ્વારા દાનની સરવાણી

જગ વિખ્યાત યાત્રાધામ અંબાજીમાં યાત્રીકો માટે જલિયાણ ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક ભોજન પ્રસાદનું સદાવ્રત શરૂ કરવામાં આવ્યું છે જેમાં દરરોજ હજારો યાત્રાળુઓ માના દર્શન કરી ભોજન પ્રસાદ મેળવતા હોય છે ત્યારે આ નિઃશુલ્ક ચાલી રહેલા સદાવ્રતમાં ડીસા નાયબ કલેકટર હિરેન પટેલની પ્રેરણાથી એક ભક્ત દ્વારા ૫૧ બોરી ઘઉંનું દાન કરવામાં આવ્યું હતું જોકે અંબાજીમાં ચાલુ થયેલા સદાવ્રત માટે અનેક લોકો દાન આપી રહ્યા છે ત્યારે ભક્તોને માં અંબાના ધામમાં ચાલતા સદાવ્રત માટે દાન આપવા માટે ડીસા નાયબ કલેકટરની અપીલના પગલે લોકો પણ સ્વંયભુ દાન આપવા માટે આગળ આવી રહ્યા છે.

# અંબાજી મંદિરમાં દોઢ વર્ષ બાદ માઈભક્તોનું ઘોડાપુર ઉમટયું

કોરોના મહામારીને લઈ તમામ ધાર્મિક સ્થાનો બે મહિના સુધી બંધ રાખવામાં આવ્યા હતા. છેલ્લા એક વર્ષથી સતત મંદિરો બંધ રહ્યાં હતા. જેથી ભક્તો દર્શન માટે જઈ શકતા નહોતા જોકે હવે કોરોના સંક્રમણ ઘટતા દેવસ્થાનો ફરી ધમધમતા થયા છે.ત્યારે જેઠ સુદ પૂનમે અંબાજી મંદિરમાં દોઢ વર્ષ બાદ ભક્તિમય માહોલ જોવા મળ્યો હતો. જેમાં હજારો ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી છે.

અંબાજી મંદિર હવે ફરી યાત્રાળુઓથી ઉભરાઈ રહ્યું છે. 'બોલમાડી અંબે જય જય અંબે' ના નાદ સાથે શક્તિ પીઠ અંબાજી ગુંજી ઉઠ્યું છે. અંબાજી મંદિર ખુલ્યા બાદ આજે જેઠ સુદ પુર્ણિમાએ મોટી સંખ્યામાં ભક્તો વહેલી સવારથી ઉમટી પડ્યા હતા. જેથી મંદિરમાં ભક્તોની ભારે ભીડ જામી હતી.

અંબાજી મંદિરે નિયમીત પુનમ ભરતા ભક્તો અનેક પુનમ ચુક્યા હતા.પણ હવે માની મમતા ફરી મળી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. આજે ફરી પુનમે મંદિરમાં દર્શન મળતા ખુશીની લાગણી શક્તિ પીઠ ખાતે સર્જાઈ હતી. હવે કોરોના કાયમી જાય તેવી પ્રાર્થના ભક્તો દ્વારા કરવામાં આવી હતી.હવે આગામી સમયમાં પણ મોટી સંખ્યામાં ભક્તોમાં અંબેના દર્શન માટે આવે તેવું દેખાઈ રહ્યું છે.



**બાયડ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા વૃક્ષારોપણ**

બાયડ શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા પુનમના દિવસે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બાયડ શહેર ભાજપ મહિલા મોરચા પ્રમુખ, બાયડ પાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલા વૃક્ષારોપણ કાર્યક્રમમાં બાયડ પાલિકા કોર્પોરેટર કંચનબેન પટેલ સહિત અન્ય મહિલા અગ્રણીઓ ઉપસ્થિત રહી હતી તેમજ વૃક્ષના જતન માટે સંકલ્પ લીધો હતો.

# ખેડબ્રહ્માના દાંતિયા ગામની સીમમાંથી પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી અલ્ટો ગાડીમાંથી વિદેશી દારૂ ઝડપ્યો

## દેશી - વિદેશી દારૂ તથા બિયરની બોટલો નંગ ૫૨૮ રૂ. ૬૯૨૮/- તથા મારુતિ અલ્ટો ગાડી કિં. ૫૦ હજાર મળી કુલ રૂ. ૫૬૯૨૮/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ખેડબ્રહ્મા તાલુકાના દાતિયા ગામની સીમમાંથી પોલીસે પેટ્રોલિંગ દરમિયાન શંકાસ્પદ અલટો ગાડીનો ફિલ્મી ઢબે પીછો કરી મારુતિ અલ્ટો ગાડીમાંથી દેશી -વિદેશી દારૂ તથા બિયરની બોટલો નંગ ૫૨૮ કુલ કિ.રૂ. ૬૯૨૮/- તથા મારુતિ અલ્ટો ગાડી કિં.રૂ. ૫૦ હજાર મળી કુલ રૂ. ૫૬૯૨૮/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જોકે ગાડીનો ચાલક ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનના પીએસઆઈ પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા દરમિયાન દાંતિયા ગામની સીમમાં રોડ ઉપર એક ગોલ્ડન કલરની મારુતિ અલ્ટો ગાડી નંબર જીજે ૨૦ એ-૨૯૦૩ શંકાસ્પદ સામેથી આવતા પોલીસે ગાડી ઉભી રખાવવા પ્રયત્ન કરતા પોલીસની ગાડી જોઈ ગાડીનો ચાલક પોતાની ગાડી લઈ ઊંચી ધનાલ ગામ તરફ ભાગતા આગળ જઈ યુ ટર્ન મારી પીછો કરતા થોડીક આગળ પોતાની અલટો ગાડી મૂકી નાસી ગયો હતો દરમિયાન ગોલ્ડન કલરની મારુતિ અલ્ટો ગાડીમા વિદેશી દારૂ તથા દેશી શરાબ તથા બિયરની બોટલો નંગ ૫૨૮ જેની કુલ કિંમત રૂપિયા ૬૯૨૮/- તથા મારુતિ અલ્ટો ગાડી ની કિંમત રૂપિયા ૫૦ હજાર મળી કુલ રૂ. ૫૬૯૨૮/- નો મુદ્દામાલ



કબજે કરી પોલીસે અજાણ્યા ગાડી ચાલક વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન ખાતે પ્રોબેશન ધારા હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# બાયડ તાલુકા પંચાયતની ગ્રામ વિકાસ શાખા ફરી ચર્ચામાં

## 3 મહિનાથી ટી.એલ.એમ. હાજર થતા નથી, વહીવટીય કામ ખોરંભે પડ્યાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ તાલુકા પંચાયતની ગ્રામ વિકાસ શાખા કોઈને કોઈ મુદ્દે ચર્ચામાં રહેતી આવી છે. મિશન મંગલમ્ યોજનામાં ભ્રષ્ટાચારના સંગીન આરોપથી ઘેરાયેલા ટી.એલ.એમ.ની બદલી થયા પછી મોડાસાથી નિમણૂંક થયેલ ટી.એલ.એમ. દિગ્વિજયસિંહ ઝાલા કોઈપણ કારણોસર છેલ્લા ૩ મહિનાથી ફરજ ઉપર હાજર થતા ન હોવાની વિગતો બહાર આવી છે. મહિલા સશક્તિકરણ હેઠળ સખી મંડળો દ્વારા કામગીરી થઈ રહી છે પરંતુ શાખાના ટી.એલ.એમ. વગર વહીવટીય કામ ખોરંભે પડ્યાં છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને તાલુકા પંચાયતની ગ્રામ વિકાસ શાખાઓમાં સરકારી અધિકારીઓના ભ્રષ્ટાચારને જગજાહેર સમર્થન મળી રહ્યું છે. ભ્રષ્ટ અધિકારીઓ સામે કોઈ કાયદાકીય કાર્યવાહી થઈ ન હોવાના કારણે મિશન મંગલમ્ સહિતની યોજનાઓમાં ભ્રષ્ટાચાર શિષ્ટાચાર બન્યો છે. બાયડ તાલુકા પંચાયતની ગ્રામ વિકાસ શાખામાં અગાઉ ટી.એલ.એમ.એ સખી મંડળોના નામે સહાય તેમજ અન્ય યોજનાકીય કામમાં મોટાપાયે ભ્રષ્ટાચાર આદર્યો હોવાની ગંભીર ફરિયાદો હતી. જે તે સમયે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મુખીયાએ તાલુકા પંચાયત ગ્રામ વિકાસ શાખાના કૌભાંડ ઉપર ઢાંકપીછોડ કરવાનો પ્રયત્ન કર્યો દરમ્યાન સખી મંડળની બહેન દ્વારા જે તે સમયના ટી.એલ.એમ. ઉપર ગંભીર આક્ષેપો અંગેની લેખિત ફરિયાદ થતાં આખરે બદલી કરીને સંતોષ માનવામાં આવ્યો છે. વિવાદાસ્પદ ટી.એલ.એમ.ની બદલી પછી બાયડ તાલુકા પંચાયત ગ્રામ વિકાસ શાખામાં ટી.એલ.એમ. તરીકે દિગ્વિજયસિંહ ઝાલાની નિમણૂંક કરવામાં આવી પરંતુ છેલ્લા ૩ મહિનાથી તેઓ ફરજ ઉપર હાજર થતા ન હોવાના કારણે મિશન મંગલમની યોજનામાં વહીવટી કામ અટવાયું છે. કયા કારણોસર ટી.એલ.એમ. ફરજ ઉપર આવતા નથી તે ખુદ શાખાના અન્ય કર્મચારીઓને સમજાતું નથી..??

# બાયડ બસ સ્ટેશન વિસ્તારમાં ટ્રકની ટક્કરે બાઈકચાલકનું કમકમાટી ભર્યું મોત, માથાના ભાગના ફૂરચા ઉડ્યા

## ફરીથી બાયપાસ રોડની માંગ, ગમખ્વાર અકસ્માત પછી ખાખી વર્દી જાહેરમાં દેખાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૪

બાયડ બસ સ્ટેશન વિસ્તારમાં બુધવાર સવારે ટ્રાફીકના કારણે અકસ્માતનું પ્રમાણ વધતાં વેપારીઓ અને બાયડની પ્રજાએ ફરી એકવાર



બાયપાસ રોડની માંગ કરી છે.

બસ સ્ટેશન વિસ્તાર અકસ્માત ઝોન બની ગયો છે. બાયડ પોલીસ મહિનાઓથી ટ્રાફીક જાળવણીમાં ક્યાંય દેખાતી નથી. માત્ર ટી.આર.બી. જવાનો ઉપર કામગીરી થોપી દેવામાં આવી છે. આકરા ઉનાળાના કારણે પરોઢ થી તેજ રફતારથી પરપ્રાંતિય વાહનો દોડવા લાગ્યાં છે. ટ્રાફીક નિયમન વ્યવસ્થા ખાડે ગઈ હોવાથી નાના વાહન ચાલકો અકસ્માતમાં મોતને ભેટી રહ્યા છે. તા.૨૩ ના રોજ પૂરઝડપે જતી ટ્રક (નં.એચ.આર.૫૫-એએફ-૭૬૧૫) ના ચાલકે બાઈક ચાલકને પાછળથી ટક્કર મારતાં ફંગોળાયો અને તેના ઉપર ટાયર ફરી વળતાં માથાના ભાગના ફૂરચા ઉડ્યા હતા. અત્યંત કમકમાટી ભર્યા અકસ્માતનાં દ્રશ્યો જોઈ અનેક લોકો સ્તબ્ધ બની ગયા હતા. દુર્ઘટનાની જાન થતાં બાયડ પોલીસ બનાવ સ્થળે આવી હતી. અકસ્માત સર્જીને ભાગી છૂટનાર ટ્રકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

યમદૂત બનીને દોડતી ટ્રકની ટક્કરથી બાઈક ચાલક રમેશભાઈ સોમાભાઈ ઝાલા (રહે .વાલવામહુડા, તા.કપડવંજ) નું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. મૃતકના માથાના ભાગના ફૂરચા ઉડતાં કમકમાટી ભર્યાં દ્રશ્યાં જોઈ અનેક લોકોને ચક્કર આવી ગયા. અકસ્માત સર્જાયા પછી ખાખી વર્દી જાહેરમાં દેખાઈ આ સાથે જ સતત વધી રહેલા

**યાતનારૂપ ટ્રાફીકમાંથી બચાવો : વેપારીઓ**

બાયડમાં ટ્રાફીકની સમસ્યા દિવસે..દિવસે વિકરાળ બની ગઈ છે. બસ સ્ટેશન વિસ્તારમાં ગેરકાયદે ગલ્લા, કેબિન અને લારીઓ ખડકાઈ જતાં અકસ્માતોનું પ્રમાણ છેલ્લા ૨ વર્ષમાં વધ્યું છે. બુધવારે સર્જાયેલા ગમખ્વાર અકસ્માત પછી અનેક વેપારીઓએ જણાવ્યું કે બાયડમાં હવે બાયપાસ કાં તો ઓવર બ્રીજની જરૂરીયાત છે. કારણ કે યાતનારૂપ ટ્રાફીકથી હવે બાયડમાં ખરીદી માટે આવતાં લોકો અને દ્વિ-ચકી વાહન ચાલકોના માથે મોત ભમતું હોય તેવી સ્થિતિ નિર્માણ પામી છે.

# પ્રાંતિજના વડવાસામાં જુગારધામ પોલીસે ૪ આરોપીઓને ઝડપ્યા

સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઓછું થયું. જનજીવન ધબકતું થતાં અનેક વિસ્તારોમાં જુગારધામ ધમધમી રહ્યાં છે. પ્રાંતિજના વડવાસા ગામની સીમમાં આંબાના ઝાડ નીચે જુગાર રમતા ૪ ઈસમોને પ્રાંતિજ પોલીસે રૂા.૧૦,૬૬૦ના મુદ્દામાલ સાથે દબોચી લઈ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લામાં દારૂ-જુગારની બદીએ માજા મૂકી છે. રેન્જ કક્ષાએથી ગમે તેટલા કડકાઈના આદેશ થતા હોય પરંતુ સ્થાનિક સ્તરે પોલીસ અને દારૂ-જુગારીયાઓની સાંઠગાંઠના કારણે અસામાજીક પ્રવૃત્તિઓ ઉપર અંકુશ મેળવવો શક્ય નથી. પ્રાંતિજના વડવાસા ગામના સીમાડામાં કેટલાક લોકો ભેગા થઈ હારજીતનો જુગાર રમી રહ્યા છે તેવી બાતમી પ્રાંતિજ પોલીસને મળતાં એ.એસ.આઈ. માનસિંહ મનવંતસિંહ તથા સ્ટાફ બાતમીદાર સ્થળે પહોંચ્યા હતા જ્યાં જુગાર રમતા ૪ ઈસમો પાસેથી રોકડ રકમ, ગંજીપાના સહિત મુદ્દામાલ જપ્ત લીધો હતો.

# પાલનપુરના આબુ હાઈવે પર વરસાદી ખાડા પડતા અકસ્માતની દહેશત

પાલનપુર શહેરમાં ૪ ઈંચ વરસાદે તંત્રની પોકળતાનો પર્દાફાશ કરી દીધો છે. પાલનપુરના આબુ તરફના નેશનલ હાઈવે પર વરસાદી પાણી ભરાતા મોટા ખાડા પડયા છે. જેને કારણે વાહન ચાલકોમાં અકસ્માતની દહેશત વર્તાઈ રહી છે.

પાલનપુરમાં મેઘરાજાના આગમને તંત્રના પોકળ દવાઓને ઉજાગર કરી દીધા છે. શહેરના આબુ હાઈવે પર સામાન્ય વરસાદે પણ પાણી ભરાઈ જાય છે. વર્ષોજુની સમસ્યાનું કોઈ કાયમી નિકાલ આવતો નથી. પરિણામે દરવર્ષે ચોમાસામાં વાહનચાલકો મુશ્કેલીમાં મુકાય છે. ગતરોજ પણ ચાર ઈંચ વરસાદ ખાબકતા આબુ હાઈવે પર વરસાદી પાણી ફરી વળતા હાઈવે પર ખાડાઓ પડી ગયા છે. જેને પગલે અકસ્માતની દહેશત વર્તાઈ રહી છે. ત્યારે નેશનલ હાઈવે ઓથોરિટી વરસાદી પાણીના કાયમી નિકાલ વચ્ચે આબુ હાઈવેને પણ સત્વરે દુરસ્ત કરાવે તેવી માંગ ઉઠી છે.